કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જા.નં. ૬૭૩૭

તા.૪/૧૨/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ શાળાઓ,

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,

સુરત.

**વિષય :-** Digital Gujarat Portal પર Not in proposal માં બાકી રહેલ અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનું ચુકવણું કરવા બાબત.

**સંદર્ભ :-** નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો જા.નં.ના.નિ./૨૦૧૯/૪૭૨૨ થી ૪૭૨૩ તા.૦૯/૧૧/૨૦૧૯

જત ઉપરોક્ત વિષય અને સંદર્ભ અનુસંધાને જણાવવાનું કે, સુરત જિલ્લામાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ચાલુ વર્ષ અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિનાં જે વિદ્યાર્થીઓની ડીજટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન દરખાસ્ત કરવામાં આવેલ તે તમામ પ્રપોઝલ મંજુર કરી દેવામાં આવેલ છે. જે શાળાનાં વિદ્યાર્થીઓ કે જેઓની દરખાસ્ત ફોરવર્ડ કરવાની બાકી હોઈ તેઓ પોર્ટલમાં NOT IN PROPOSAL માં દેખાય છે જેથી તેવાં વિદ્યાર્થીઓની દરખાસ્ત તાત્કાલીક બનાવી ઓનલાઈન મોકલવાની રહેશે. આ મુદ્દે કોઈ પણ પશ્ન હોય તો નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, 'સી' બ્લોક, છઠ્ઠો માળ,બહુમાળી મકાન, નાનપુરા, સુરતની કચેરીનો સંપર્ક સાધી માર્ગદર્શન મેળવી કામગીરી પુર્ણ કરવી.

વધુમાં જણાવવાનું કે, અનુસૂચિત જનજાતિનાં જો કોઈ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ શિષ્યવૃત્તિના લાભથી વંચિત રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે-તે શાળાના આચાર્યશ્રીની રહેશે. જેની નોંધ લેશો. આ સાથે સંદર્ભિત પત્ર સામેલ છે.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત

નકલ સવિનય રવાના :-

પ્રતિ, અધ્યક્ષશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત તરફ જાણ સારૂ.

નકલ રવાના :-

પ્રતિ, તમામ નિરીક્ષકશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત તરફ જાણ સારૂ.

બિડાણ :-

નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, નાનપુરા, સુરતનો તા.૦૨/૧૨/૧૯ નો પત્ર ક્રમાંક: નં. ના. નિ. અજાક./શિ.વૃ/૪૮૩૧ થી ૪૮૩૨/૨૦૧૯ સામેલ છે.

અગત્યનું

સમય મર્યાદા

નં.મક/આવિ/શિષ્યવૃતિ/પરીપત્ર/૪૮૩૨/૧૯

મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી

સી-બ્લોક છઠ્ઠો માળ બહુમાળી મકાન નાનપુરા સુરત

ફોન નં./ફેક્સ નં. ૦૨૬૧ ૨૪૭૬૧૮૧

E-MAIL:-vosurat@gmail.com

તા.૦૨/૧૨/૨૦૧૯

પ્રતિ

(૧) આચાર્યશ્રી, તમામ પ્રાથમિક શાળાઓ,( સુરત શહેર તથા ગ્રામ્ય)

(૨) આચાર્યશ્રી, શાસનાધિકારીશ્રી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત તમામ શાળાઓ

વિષય:- Digital Gujarat portal પર Not in proposal માં બાકી રહેલ અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનું ચુકવણૂં કરવા બાબત...

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સુરત જિલ્લામાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ચાલુ વર્ષે અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિનાં જે વિદ્યાર્થીઓની ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન દરખાસ્ત કરવામાં આવેલ તે તમામ પ્રપોઝલ અત્રેની કચેરી દ્વારા મંજુર કરી દેવામાં આવેલ છે જે શાળાનાં વિદ્યાર્થીઓ કે જેઓની દરખાસ્ત ઓનલાઇન આપની કક્ષાએથી અત્રેની કચેરીને ફોરવર્ડ કરવાની બાકી હોઇ તેઓ પોર્ટલમાં Not in proposal માં દેખાય છે જેથી તેવાં વિદ્યાર્થીઓની દરખાસ્ત તાત્કાલીક બનાવી અત્રેની કચેરીને મોકલવાની રહેશે. જે શાળાઓ તરફથી આવી દરખાસ્ત અત્રેની કચેરીને ઓનલાઇન મોકલવાની રહી જશે અને અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ શિષ્યવૃતિથી વંચિત રહી જશે તેની જવાબદારી જે તે શાળાનાં આચાર્યશ્રીની રહેશે જેની સબંધિતોએ નોંધ લેવી.

આ મુદ્દે કોઇ પણ પ્રશ્ન હોય તો અત્રેની કચેરીનો સંપર્ક સાધી માર્ગદર્શન મેળવી કામગીરી ૧૦૦% પુર્ણ કરવા આથી જાણ કરવામાં આવે છે.

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ
સુરત

નકલ જયભારત સહ રવાના:-

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરત તરફ જાણ સારૂ તથા ખાનગી પ્રાથમિક શાળાઓને આપશ્રીની કક્ષાએથી પણ સુચના આપવા સારૂ.

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જિલ્લા પંચાયત સુરત તરફ જાણ સારૂ તથા આપશ્રીની કક્ષાએથી પણ શાળાઓને જરૂરી સુચના આપવા સારૂ.

(3) શાસનાધિકારીશ્રી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત તરફ જાણ સારૂ તથા આપશ્રીની કક્ષાએથી પણ શાળાઓને જરૂરી સુચના આપવા સારૂ.

(૪) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સુરત જિલ્લો (તમામ) તરફ જાણ સારૂ તથા આપશ્રીની કક્ષાએથી પણ શાળાઓને જરૂરી સુચના આપવા સારૂ.

સવિનય નકલ રવાના:-

(૧) મે.કલેકટરશ્રી સુરત તરફ જાણ સારૂ.

(૨) મે.જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુરત તરફ જાણ સારૂ.